# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

----------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BAR COUNCIL ELECTION

રાજ્યમાં આજે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીનું મતદાન ચાલી રહ્યું છે. રાજ્યના વકીલો મતદાન કરી રહ્યા છે આ ચૂંટણીમાં 99 ઉમેદવારો મેદાનમાં છે. અમદાવાદમાં ગુજરાત વડી અદાલત અને ગુજરાત યુનિવર્સિટી ખાતે ચાલી રહેલું મતદાન કેન્દ્રો પર મતદાન ચાલી રહ્યું છે. મતદાન સાંજના 6 વાગ્યા સુધી ચાલશે. રાજ્યભરમાંથી 76 હજાર 579 હજારથી વધુ વકીલ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ચૂંટણી પ્રક્રિયા અંતર્ગત કુલ 103 ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી, જેમાંથી તપાસ બાદ 99 ઉમેદવારોના ફોર્મ માન્ય ઠર્યા હતા. કુલ 23 સભ્યો માટેની ચૂંટણીમાં ઓછામાં ઓછા 5 મહિલા ઉમેદવારોની પસંદગી ફરજિયાત રહેશે. આ ઉપરાંત બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા 5 મહિલા ઉમેદવારોની કો-ઓપ્શન મારફતે નિમણૂક કરાશે.

# TAPI PM WEBINAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે "કૃષિ અને ગ્રામીણ પરિવર્તન" પર અંદાજપત્ર બાદના વેબિનારને સંબોધિત કર્યો. તાપી જિલ્લાના વ્યારા સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પણ આ કાર્યક્રમનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના 300 જેટલા ખેડૂતોએ માહિતી મેળવી હતી. આ અંગે નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડૉ એચ આર શર્માએ વધુ માહિતી આપી.

(બાઈટ : ડૉ એચ આર શર્મા, વિસ્તરણ શિક્ષણ નિયામક)

.

# MAHISAGAR HPV VACCINATION

મહીસાગર જિલ્લામાં સર્વાઇકલ કેન્સર સામે રક્ષણ આપતી HPV રસીકરણ અભિયાનનો આજથી પ્રારંભ થયો. જિલ્લા કલેક્ટર અર્પિત સાગર તેમજ જિલ્લા વિકાસ અધિકારી યુવરાજ સિદ્ધાર્થની ઉપસ્થિતિમાં અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડા ખાતેથી આ અભિયાનની શરૂઆત કરવામાં આવી. આ રસી સ્ત્રીઓમાં થતા 'સર્વાઇકલ કેન્સર' સામે અભેદ્ય સુરક્ષા પૂરી પાડે છે તેમજ રસી સુરક્ષિત અને અસરકારક છે. આ રસીકરણ માટે જે કિશોરીઓએ 14 વર્ષ પૂર્ણ કરેલા હોય પરંતુ 15મું વર્ષ પૂર્ણ કરેલું ન હોય તેવી તમામ કિશોરીઓને સરકાર દ્વારા સંપૂર્ણ પણે વિનામૂલ્યે રસી આપવામાં આવી રહી છે.

# DEESA NURSERY

બનાસકાંઠા જિલ્લાના ડીસાના ડાવસ ખાતે સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે રાજ્યની પ્રથમ હાઇટેક નર્સરી બનશે. 13 એકર વિસ્તારમાં નિર્માણ પામનાર આ નર્સરીમાં દર વર્ષે 10 લાખ રોપાઓના ઉછેર સાથે લુપ્ત થતી વનસ્પતિઓનું સંવર્ધન થશે. ઉપરાંત વૈજ્ઞાનિક પદ્ધતિથી દુર્લભ બીજનું જતન થશે. લુપ્ત થઈ રહેલી પ્રજાતિના સંરક્ષણ અને સંવર્ધન માટે અહીં 'સોઇલ-લેસ મીડિયા' એટલે કે માટી વગરના આધુનિક માધ્યમનો ઉપયોગ કરાશે.

આ પ્રોજેક્ટ અંતર્ગત એક સુસજ્જ સીડ બેંક અને સીડ પ્રોસેસિંગ એરિયા પણ વિકસાવાશે, જ્યાં દુર્લભ અને મૂલ્યવાન બીજને લાંબા સમય સુધી વૈજ્ઞાનિક રીતે સંગ્રહિત કરી શકાય. ઉપરાંત, પર્યાવરણ પ્રત્યે જાગૃતિ ફેલાવવા માટે અહીં 'નર્સરી ઇન્ફોર્મેશન સેન્ટર' પણ કાર્યરત કરાશે.

# Return to home country

પવિત્ર રમઝાન માસ દરમિયાન મક્કા મદીના ખાતે ઉમરાહ કરવા ગયેલા  પંચમહાલના ગોધરાના 10 યાત્રીઓ ખાસ વિમાન દ્વારા વતન પરત ફર્યા છે. જિદ્દાહ હવાઈ મથકેથી વિશેષ વિમાનમાં કુલ 200 મુસાફરો ભારત માટે રવાના થયા હતા, જેમાં ગોધરાના 7 યાત્રીઓ સામેલ હતા.

ગોધરાથી લગભગ 150 જેટલા  લોકો ઉમરાહ માટે ગયા હોવાનું અનુમાન છે. ઉલ્લેખનીય છે કે મધ્ય પૂર્વમાં ઈરાન, ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે તણાવભરી સ્થિતિ સર્જાતા ત્યાં ફસાયેલા ભારતીયોને સુરક્ષિત પરત લાવવા ભારત સરકાર દ્વારા પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે.

# AHMEDABAD BIKE RALLY

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે અમદાવાદમાં પોલીસ બાઇક રેલી યોજાઇ. જેમાં મોટી સંખ્યામાં મહિલા પોલીસ કર્મચારી જોડાયા હતા. શહેર પોલીસ કમિશનર જી એસ મલિકે આ બાઇક રેલીને પ્રસ્થાન કરાવ્યા બાદ પ્રતિક્રિયા આપી હતી.

**(બાઇટ : જી એસ મલિક, CP)**

# TRAIN NEW COACH

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને મુંબઈ સેન્ટ્રલ–અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસમાં 4 વધારાના ડબ્બા ઉમેરવામાં આવ્યા છે. ત્યારે આ ટ્રેન 9 માર્ચ થી 31 માર્ચ સુધી 16ના બદલે 20 ડબ્બા સાથે ચલાવવામાં આવશે. ટ્રેનોના રોકાણ, રચના તથા સમય વિશેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in વેબસાઇટ પર જઈને માહિતી મેળવી શકે છે.

# JAMNAGAR ITRA

જામનગરની આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થા-ITRA ખાતે રસમીમાંસા-૨૦૨૬નો નિયામક પ્રો. તનુજા નેસરીની અધ્યક્ષતામાં આજથી પ્રારંભ થયો. બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં દેશમાંથી 300થી વધુ રસશાસ્ત્રીઓ, સંશોધકો, તજજ્ઞો, પ્રખ્યાત વૈદ્યો, વૈજ્ઞાનિકો, ઔદ્યોગિક આગેવાનો, નિષ્ણાતો, વિશ્વવિદ્યાલયના કુલપતિ અને આયુર્વેદના વિદ્યાર્થીઓ ઉપસ્થિત જોડાયા છે. આ કાર્યક્રમમાં વૈજ્ઞાનિક ચર્ચાઓ, ક્લિનિકલ પૃથક્કરણ, સંશોધન પાત્રો પોસ્ટરો પ્રદર્શિત કરાયા.